# DCM શ્રીરામના નફામાં Q4માં છ ગણો ઉછાળો

પીટીઆઇ

નવી દિલ્હી

ડીસીએમ શ્રીરામનો ચોખ્ખો નફો ગયા નાણાકીય વર્ષના ચોથા ક્વાર્ટરમાં છ ગણો ઊછળીને ₹૨૯૩ કરોડ થયો હતો. કંપનીએ ગયા વર્ષના સમાન ગાળામાં ₹૫૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. કેમિકલ્સ, શુગર, ફર્ટિલાઇઝર્સ અને સીડ બિઝનેસ કરતી કંપનીની ચોખ્ખી આવક માર્ચ ક્વાર્ટરમાં ૨૧ ટકા વધીને ₹૧,૮૮૮ કરોડ થઈ હતી, જે અગાઉના વર્ષના સમાન ગાળામાં ₹૧,૫૬૬ કરોડ હતી.

૨૦૧૮-'૧૯ના નાણાકીય વર્ષમાં કંપનીનો ચોખ્ખો નફો ૩૫ ટકા વધીને ₹૯૦૬ કરોડ થયો હતો, જે અગાઉના નાણાકીય વર્ષમાં ₹૬૭૦ કરોડ હતું. આ સમયગાળામાં કંપનીની ચોખ્ખી આવક ₹૬,૯૦૦ કરોડથી ૧૩ ટકા વધીને ₹૭,૭૭૧ કરોડ થઈ હતી. કંપનીનું ચોખ્ખું દેવું ગયા નાણાકીય વર્ષના અંતે ₹૧,૨૯૫ કરોડ રહ્યું હતું, જે અગાઉના નાણાકીય વર્ષના અંતે ₹૯૫૩ કરોડ હતું. કંપનીના કેમિકલ બિઝનેસે વોલ્યુમ ગ્રોથ અને માર્જિન સાથે મજબૂત દેખાવ કર્યો હતો.